વડોદરાના કલાલી વિસ્તારમાં પાણીની મુખ્ય લાઈન તૂટી: ઘરોમાં અછત, રસ્તા પર પાણીની નદીઓ વહી!

કલાલીમાં પાણીની મુખ્યલાઇન તૂટી

જૈન ભવન પાસે સ્થાનિકોને પીવાના પાણી માટે ફાંફા : તંત્ર સમક્ષ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

શહેરના કલાલી રોડ પર આવેલ જૈન ભવન નજીક પાલિકાની મુખ્ય પાણીની લાઈનમાં મોટું ભંગાણ સર્જાવાના કારણે છેલ્લા બે દિવસથી હજારો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વહીને વેડફાઈ રહ્યું છે. સ્થાનીય તંત્રની ઘોર બેદરકારીના કારણે એક તરફ લોકોના ઘરો સુધી પૂરતું પાણી પહોંચી રહ્યું નથી, તો બીજી તરફ શુદ્ધ પીવાનું પાણી રસ્તાઓ પર નદીની જેમ વહી રહ્યું હોવાથી સ્થાનિક રહીશોમાં પાલિકા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં પાણીની લાઈનમાં ભંગાણ સર્જાવાની આ કોઈ પ્રથમ ઘટના નથી. અહીં વારંવાર લાઈનો લીકેજ થવાની કે તૂટી જવાની સમસ્યા સામે આવતી રહે છે, જેના કારણે લોકોને પીવાના પાણીની ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. છેલ્લા બે દિવસથી સતત વહી રહેલા પાણીને કારણે સમગ્ર રોડ પર કાદવ-કીચડનું સામ્રાજ્ય પથરાઈ ગયું છે.

હરિનગર બ્રિજ નીચે પીવાની લાઈનમાં ભંગાણ

શહેરના હરિનગર બ્રિજ નીચે આવેલા સારાભાઈ વિસ્તાર પાસે પીવાના પાણીની મુખ્ય લાઈનમાં અચાનક મોટું ભંગાણ સર્જાયું છે. પાઈપલાઈન ફાટવાના કારણે હજારો લિટર શુદ્ધ અને પીવાલાયક પાણી રોડ પર વહી ગયું હતું અને જોતજોતામાં સમગ્ર વિસ્તાર જળબંબોળ થઈ ગયો હતો. રસ્તાઓ પર પાણીના નાના તળાવ જેવા દ્રશ્યો સર્જાયા હતા, જેના કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, વડોદરા શહેરમાં એક બાજુ પાણીની અછતનો સામનો કરવો પડી રહ્યો છે અને લોકોને પૂરતું પાણી મળતું નથી, ત્યારે આવી કિંમતી કટોકટી વચ્ચે હજારો લિટર પાણીનો વેડફાટ કેટલો યોગ્ય ?

તિજોરી તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડની સાફસૂફી

માંજલપુર - સુભાનપુરા વિસ્તારમાં બંધ ઘરમાથી રૂ.૨.૨૦ લાખની ચોરી

પરિવાર બહારગામ જતાં વડોદરા પોલીસના પેટ્રોલિંગના લીરેલીરા ઉડાવતા તસ્કરો

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વડોદરા શહેરમાં ઉપરાં છાપરી બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરો પોલીસ પેટ્રોલિંગના લીરેલીરા ઉડાવી રહ્યા છે. ત્યારે વધુ માંજલપુર અને ગોરવા વિસ્તારમાં આવેલા બે અલગ-અલગ બંધ મકાનોના તાળા તોડી રૂ.3.20 લાખથી વધુના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરવામાં આવી છે. બંને બનાવોમાં પોલીસે અજાણ્યા ચોરો સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે. વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલા આકાશગંગા સોસાયટીમાં રહેતા અને "દમણગંગા એન્ટરપ્રાઈઝ" નામે મિકેનિકલ કન્સલ્ટન્સીનો વ્યવસાય કરતા રમેશભાઈ ઉકાભાઈ સુતરીયા પરિવાર સાથે 5 જુલાઈએ નર્મદા જિલ્લાના પોઈચા સ્થિત નીલકંઠધામ ખાતે ભાગવત સપ્તાહમાં ગયા હતા.

આ દરમિયાન 8થી 11 જુલાઈ વચ્ચે અજાણ્યા તસ્કરોએ ઘરના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરી અને અંદરનું લોકર તોડી સોનાની વીંટી, બ્રેસલેટ, ચેઈન, 100 ગ્રામનો ચાંદીનો સિક્કો તથા રૂ.85 હજારની રોકડ સહિત રૂ.1.94 લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પરિવાર 11 જુલાઈએ ઘરે પરત ફર્યો ત્યારે ચોરીની જાણ થતાં માંજલપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બીજા બનાવમાં ગોરવા પોલીસ મથક વિસ્તારમાં સુભાનપુરા સ્થિત સ્નેહ સ્મૃતિ સોસાયટીમાં રહેતા રણજીતસિંહ ધનશ્યામસિંહ રાણાના બંધ મકાનને નિશાન બનાવવામાં આવ્યું હતું. 12 જુલાઈની રાત્રે અજાણ્યા તસ્કરો ઘરમાં ઘૂસી તિજોરીમાંથી અંદાજે સાત ગ્રામ વજનની બે જોડ સોનાની બુટ્ટી, બે ચાંદીની પાયલ, બે ચાંદીની લક્કી, એક ચાંદીનો કેડ જુલો તેમજ રૂ.12 હજારની રોકડ સહિત રૂ.1.26 લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આ અંગે 13 જુલાઈએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. બંને બનાવોમાં પોલીસે તસ્કરોને સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને શોધવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વલસાડના ૪૩ શિક્ષકો સામેની વસૂલાત રદ કરવા રજૂઆત

રાજ્યમાં ઓનલાઈન હાજરી સિસ્ટમ સામે શિક્ષકો નારાજ

સિસ્ટમ ખામીમુક્ત થાય ત્યાં સુધી નોટિસ-દંડ સ્થગિત કરવા રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

ઓનલાઈન હાજરી સિસ્ટમની ટેકનિકલ ખામીઓ અને તેના કારણે શિક્ષકોને થતી હેરાનગતિના મુદ્દે રાજ્યના શિક્ષક સંગઠનોએ સરકાર સમક્ષ રજૂઆત કરી છે. ગુજરાત સ્થિત અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘના પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા સંબંધિત વિભાગને પત્ર પાઠવીને સમગ્ર મુદ્દે ઉચ્ચસ્તરીય તપાસ અને નીતિમાં સુધારાની માંગ કરવામાં આવી છે. ઓનલાઈન હાજરી સિસ્ટમની ટેકનિકલ ખામીના કારણે શિક્ષકોને કારણ વગર નોટિસ પાઠવવામાં આવી રહી છે. વલસાડ જિલ્લામાં તો 43 શિક્ષકો સામે પ્રતિદિન 1200 રૂપિયાની વસૂલાતની કાર્યવાહી પણ શરૂ કરાઈ છે. પ્રાથમિક શૈક્ષિક મહાસંઘની મુખ્ય માંગણીઓમાં વલસાડ જિલ્લામાં 43 શિક્ષકો સામે કરવામાં આવેલી વસૂલાતની કાર્યવાહી તાત્કાલિક રદ કરવામાં આવે. ઓનલાઈન હાજરી સંબંધિત તમામ ટેકનિકલ ખામીઓની રાજ્યકક્ષાએ ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે. સિસ્ટમ સંપૂર્ણપણે ખામીમુક્ત બને ત્યાં સુધી શિક્ષકો સામે ખુલાસા, નોટિસો અને દંડાત્મક કાર્યવાહી બંધ કરવામાં આવે. હેરાન કરતી અને એકતરફી જવાબદારી લાદતી વર્તમાન નીતિમાં તાત્કાલિક સુધારો કરવામાં આવે. સમગ્ર રાજ્ય માટે એકસમાન, પારદર્શક અને ન્યાયસંગત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે. સંગઠને સરકારને વિનંતી કરી છે કે જ્યાં સુધી સિસ્ટમ પારદર્શક ન બને ત્યાં સુધી શિક્ષકોને ખુલાસા માંગવા, નોટિસો પાઠવવા અથવા આર્થિક દંડાત્મક કાર્યવાહી કરવાની પ્રક્રિયા સ્થગિત કરવામાં આવે.

માણેજા ક્રોસિંગ પાસે ૧૦ વર્ષીય બાળકને વીજકરંટ લાગ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા માણેજા ક્રોસિંગ પાસે ૧૦ વર્ષીય બાળક માણેજા ક્રોસિંગ વિસ્તારમાં પોતાના ઘરની આસપાસ રમી રહ્યો હતો. તે દરમિયાન અચાનક વીજળીના વાયરના સંપર્કમાં આવતા તેને જોરદાર વીજકરંટનો આંચકો લાગ્યો હતો. કરંટ એટલો તીવ્ર હતો કે બાળકના હાથમાં ઈજાઓ પહોંચી હતી. બાળકને કરંટ લાગતા જ આસપાસના લોકો અને પરિવારજનો દોડી આવ્યા હતા. ઘાયલ થયેલા બાળકને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સયાજી હોસ્પિટલના તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર, બાળકને ઈમરજન્સી વિભાગમાં દાખલ કરી તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી. હાલ બાળકની સ્થિતિ સ્થિર છે અને તે ભાનમાં છે. તબીબોની દેખરેખ હેઠળ તેના જમણા હાથની ઈજાઓ પર ઘનિષ્ઠ સારવાર ચાલી રહી છે.

વડોદરા રોડ શાખાની ઘોર બેદરકારી

દશરથ-રણોલી બ્રિજ પર કામ પત્યા પછી સામાન રોડ વચ્ચે જ રેઢો છોડાયો

વડોદરાઃ દશરથ-રણોલી બ્રિજ એ ભારે વાહનો અને કાર ચાલકોથી સતત ધમધમતો મુખ્ય માર્ગ છે. રાત્રિના સમયે અંધારામાં રોડની અધવચ્ચે જ પડેલા મોટા પથ્થરો વાહનચાલકોને વહેલાસર દેખાતા ન હોવાથી વાહનો અચાનક બ્રેક મારવા મજબૂર બનતા હતા. આ પરિસ્થિતિને કારણે ખાસ કરીને નાના વાહનચાલકો માટે ગંભીર અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવનાઓ સર્જાઈ હતી. સરકારી તંત્ર દ્વારા કામ પૂરું થયા પછી પણ આવી રીતે સામાન રોડ વચ્ચે કેમ છોડી દેવાયો, તે મુદ્દો સ્થાનિકોમાં ભારે આક્રોશ અને ચર્ચાનો વિષય બન્યો હતો. તંત્રની આ ઘોર નિષ્કાળજી વચ્ચે મોડી રાત્રે એક જાગૃત નાગરિકની પ્રશંસનીય સામાજિક જવાબદારીનો કિસ્સો જોવા મળ્યો હતો. રાત્રિના આશરે ૧:૦૦ વાગ્યાની આસપાસ ત્યાંથી પસાર થઈ રહેલા કુલદીપસિંહ સોલંકી નામના એક જાગૃત નાગરિકની નજર આ જોખમી આડશો પર પડી હતી. તેમણે પોતાની સામાજિક ફરજ સમજીને તુરંત જ પોતાની ગાડી ઊભી રાખી દીધી હતી અને રોડની મધ્યમાં પડેલા ભારે પથ્થરો અને રસ્તાને બ્લોક કરતા બેરીકેડ્સને જાતે જ એકબાજુ ખસેડવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

આ દરમિયાન માર્ગ પરથી પસાર થઈ રહેલી પોલીસ વિભાગની '૧૧૨ Emergency' ની ટીમ પણ ત્યાં આવી પહોંચી હતી. રોડ વચ્ચેથી સામાન હટાવી રહેલા કુલદીપસિંહને જોઈને પોલીસ કર્મચારીઓએ પણ સરાહનીય તત્પરતા દાખવી હતી. ૧૧૨ પોલીસની આખી ટીમ આ કામગીરીમાં જોડાઈ ગઈ હતી. જાગૃત નાગરિક અને પોલીસ જવાનોએ સાથે મળીને કમર કસીને રોડની વચ્ચે પડેલો તમામ જોખમી સામાન રસ્તાની સાઈડમાં ખસેડી દીધો હતો, અને સમગ્ર માર્ગને વાહનવ્યવહાર માટે સુરક્ષિત અને ખુલ્લો કર્યો હતો.

આ સમગ્ર ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશો તીખા સવાલો પૂછી રહ્યા છે કે કામગીરી પતી ગયા બાદ પણ જવાબદાર કોન્ટ્રાક્ટર કે અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કેમ કરવામાં નથી આવતી? હાલમાં તો એક જાગૃત નાગરિક અને પોલીસની સમયસૂચકતાના કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ છે.

સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

મચ્છીપીઠમાં બાળકે ભૂલથી લખોટી ગળી જતા દોડધામ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

શહેરના મચ્છીપીઠ વિસ્તારમાં રહેતા ૬ વર્ષીય માસૂમ બાળક સાથે એક ગંભીર અકસ્માત સર્જાતા પરિવારમાં ભારે ચિંતા પ્રસરી ગઈ હતી. રમતા-રમતા બાળકે અજાણતા જ લખોટી ગળી જતા તેને ગભરામણ થવા લાગી હતી. પેટમાં દુખાવો થતા પરિવારજનોએ તાત્કાલિક બાળકને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. મળતી માહિતી મુજબ, મચ્છીપીઠ વિસ્તારમાં રહેતું આ બાળક ઘરે રમતું હતું, તે દરમિયાન અજાણતા જ તેના મોંમાં લખોટી આવી ગઈ હતી અને તે ગળી ગયું હતું. ગણતરીની મિનિટોમાં જ બાળકને શ્વાસ લેવામાં તકલીફ અને ગભરામણ થવા લાગી હતી, ત્યારબાદ તેણે પેટમાં તીવ્ર દુખાવો થતો હોવાની ફરિયાદ કરી હતી. ઘટનાને પગલે પરિવારના સભ્યો ગભરાઈ ગયા હતા અને કોઈ પણ વિલંબ કર્યા વગર બાળકને તાત્કાલિક નજીકની સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લઈ પહોંચ્યા હતા. સયાજી હોસ્પિટલના તબીબોએ તાત્કાલિક બાળકનું નિદાન શરૂ કર્યું હતું. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, બાળક હાલ નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ છે. સદનસીબે, બાળક સંપૂર્ણપણે ભાનમાં છે અને તેની સ્થિતિ અત્યારે સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. તબીબોએ બાળકની તપાસ કરી જરૂરી સારવાર શરૂ કરી દીધી છે, જેથી પરિવારજનોએ હાશકારો અનુભવ્યો છે. આ ઘટનાએ વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સર્જ્યો છે. નાના બાળકો અજાણતા જ રમકડાં કે અન્ય નાની વસ્તુઓ મોંમાં નાખી દેતા હોય છે, જે ગંભીર પરિણામો નોતરી શકે છે. તબીબો દ્વારા વાલીઓને સલાહ આપવામાં આવી છે કે બાળકોને રમવા માટે નાની વસ્તુઓ આપતી વખતે ખાસ ધ્યાન રાખવું જોઈએ અને બાળકો પર સતત નજર રાખવી અત્યંત જરૂરી છે.

અગાઉ પણ આ જ જગ્યાએ ભૂવો પડ્યો હોવા છતાં પાલિકાએ માત્ર થીગડા માર્યા હતાં

વારસિયાની રૂપલ સોસાયટી પાસે રસ્તો બેસી જતાં મોટો ભૂવો પડ્યો

(પ્રતિનિધિ), વડોદરા તા. ૧૩

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ સ્માર્ટ સિટીની કહેવાતી પ્રિમોન્સૂન કામગીરીના ધજાગરા ઉડી રહ્યા છે. શહેરમાં માર્ગો બિસ્માર બનવાની સાથે જ ઠેર-ઠેર ભૂવા પડવાનો સિલસિલો યથાવત રહ્યો છે. છેલ્લા માત્ર ૧૦ દિવસના ટૂંકા ગાળામાં જ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં અંદાજે ૮ થી ૧૦ જેટલા નાના-મોટા ભૂવા પડી ચૂક્યા છે, જેમાં આજે વધુ એક ઘટનાનો ઉમેરો થયો છે. શહેરના વારસિયા રિંગ રોડ પર આવેલી રૂપલ સોસાયટી નજીક અચાનક એક મોટો ભૂવો પડી જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને સ્થાનિક રહીશોમાં ભારે ભય અને ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. ભૂવો પડવાની આ તાજી ઘટનાને પગલે વડોદરા મહાનગરપાલિકા (વીએમસી) ના પૂર્વ ઝોનમાં ચાલી રહેલી ડ્રેનેજ લાઈનની કામગીરી તેમજ તેની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. વારસિયા રિંગ રોડ પર જે જગ્યાએ ભૂવો પડ્યો છે, ત્યાંથી વાહનો અને રાહદારીઓની સતત અવરજવર રહેતી હોય છે. સદનસીબે આ ઘટના સમયે કોઈ મોટો અકસ્માત સર્જાયો નથી, પરંતુ આ ભૂવો ગમે ત્યારે કોઈ નિર્દોષ વાહનચાલક માટે જીવલેણ સાબિત થઈ શકે તેમ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ વિસ્તારમાં ભૂવો પડવાની આ કોઈ પ્રથમ ઘટના નથી. આ પૂર્વે પણ આજ જગ્યાની આસપાસ ભૂવો પડ્યો હતો, જેને પાલિકા તંત્ર દ્વારા માત્ર થીગડા મારીને પૂરી દેવામાં આવ્યો હતો. કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવતી આવી લોલમલોલ કામગીરીના કારણે જ અવારનવાર રસ્તાઓ બેસી જાય છે અને ભૂવા પડે છે. વારંવાર રસ્તાઓ ધોવાઈ જવા અને ભૂવા પડવાની સમસ્યાથી ત્રસ્ત થયેલા સ્થાનિક નાગરિકોમાં પાલિકા પ્રશાસન વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ તંત્ર સમક્ષ ઉગ્ર આક્રોશ વ્યક્ત કરતા માંગ કરી છે કે, આ સમસ્યાનું કોઈ કામચલાઉ સમારકામ કરવાને બદલે ડ્રેનેજ લાઈન અને રસ્તાનું યોગ્ય નિરીક્ષણ કરીને આ મામલે કાયમી અને નક્કર ઉકેલ લાવવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ મોટી જાનહાનિ ટાળી શકાય.

સંતુલન ગુમાવતાં અકસ્માતે પડી ગયા : પરિવારજનો

મામાની પોળમાં કામ કરતાં વૃધ્ધ પ્રથમ માળેથી પટકાયા

પગ અને પીઠના ભાગે ઈજાઓ થતાં સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ), વડોદરા તા. ૧૩

શહેરના ગીચ ગણાતા સલાટવાડા વિસ્તારમાં આવેલી મામાની પોળમાં એક દુઃખદ અકસ્માતની ઘટના સામે આવી છે. પોળમાં કામ કરી રહેલા ૫૫ વર્ષીય ગોભરભાઈ ખાટું પારગી અચાનક મકાનના પ્રથમ માળેથી નીચે પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૂળ રાજસ્થાનના વતની અને હાલ વડોદરામાં કામ કરતા ૫૫ વર્ષીય ગોભરભાઈ ખાટું પારગી સોમવારે સલાટવાડામાં આવેલી મામાની પોળમાં એક મકાનમાં કામ કરી રહ્યા હતા. તે દરમિયાન, કોઈ કારણસર તેમનો સંતુલન ગુમાવાતા તેઓ મકાનના પ્રથમ માળેથી નીચે જમીન પર પટકાયા હતા.

ઊંચાઈએથી પછડાટ લાગવાને કારણે તેમને પગમાં અને પીઠના ભાગે ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો અને પરિવારજનો દ્વારા ગોભરભાઈને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં તેમને પગના ભાગે અને પીઠના ભાગે ઈજાઓ થઈ હોવાનું નિદાન કરવામાં આવ્યું છે.

હાલ તેઓ હોસ્પિટલમાં દાખલ છે, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટનાને લઈને પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

૨૧ વાહન ચોરીના વાહન ચોરીના ભેદ ઉકેલાયા

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ૧૫ વાહનો સહિત રૂ.૩.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ), વડોદરા તા. ૧૩

વડોદરા શહેરમાં વધતા વાહનચોરીના ગુનાઓને ડામવા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વિશેષ અભિયાન હાથ ધરાયું હતું. સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ દરમિયાન એક આધેડ વ્યક્તિ પર શંકા જતાં તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ખાસવાડી સ્મશાન રોડ નજીક દરોડો પાડી મુનાવરહુસેન શેખને શંકાસ્પદ એક્ટિવા સાથે ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી સાત ડુપ્લિકેટ ચાવીઓ મળી આવી હતી. એક્ટિવાના દસ્તાવેજો રજૂન કરી શકતા પૂછપરછમાં તેણે ભરૂચમાંથી વાહન ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આરોપીએ છેલ્લા સાતથી આઠ મહિનામાં અમદાવાદ, વડોદરા, પેટલાદ, પાટણ, ચાણસ્મા, બાવળા, મહેસાણા, સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન નજીક પાર્ક કરાયેલા 21થી વધુ ટુ-વ્હીલર વાહનો ડુપ્લિકેટ ચાવી વડે ચોરી કર્યાનું બહાર આવ્યું હતું. ચોરી કરેલા મોટાભાગના વાહનો એક્ટિવા હતા. વધુ તપાસમાં આરોપીએ ત્રણ ચોરાયેલા વાહનો પોતાના ઘરે રાખ્યા હોવાનું અને બાકીના વાહનો અમદાવાદના દિલ્હી ચકલા વિસ્તારમાં ગેરેજ ચલાવતા ઈમરાન અબ્બાસભાઈ શેખને માત્ર રૂ.4થી 5 હજારના ભાવે વેચી દીધા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઈમરાનને ઝડપી તેની પાસેથી સાત ચોરાયેલા વાહનો તેમજ તોડી વેચી દેવાયેલા ત્રણ એક્ટિવાના એન્જિન પણ કબજે કર્યા હતા. તપાસ દરમિયાન વડોદરા, અમદાવાદ, ભરૂચ, પાટણ, આણંદ, સુરેન્દ્રનગર, મહેસાણા સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા 21 વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. મુખ્ય આરોપી મુનાવરહુસેન શેખ સામે અગાઉ પણ વાહનચોરીના 16 અને જુગારનો એક મળી 17 ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

વડોદરામાં બોગસ પત્રકારોનો રાફડો ફાટ્યો છે

વાઘોડિયા રોડ પર બબાલમાં પત્રકાર બોગસ નીકળ્યો

માન્ય પ્રેસ ઓળખ નહી હોવાનું તપાસમાં બહાર આવ્યુ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

શહેરમાં સોશિયલ મીડિયા પર પોતાને પત્રકાર અને સોશિયલ એક્ટિવિસ્ટ તરીકે રજૂ કરીને પોલીસ કાર્યવાહીમાં દખલ કરવાનો પ્રયાસ કરનાર કરણ જસવાણી સામે પાણીગેટ પોલીસે ગુનો નોંધ્યો છે. આરોપીએ ઈન્સ્ટાગ્રામ લાઈવ દ્વારા સમર્થકોને પોલીસ સ્ટેશને એકત્ર થવા અપીલ કરી હોવાનો તેમજ પત્રકાર તરીકે ખોટી ઓળખ આપી પોલીસને ગેરમાર્ગે દોર્યાનો આક્ષેપ છે. વડોદરા શહેરના વાઘોડિયા રોડના પ્રભાત ગાર્ડન વિસ્તારમાં મોમોઝની લારી અંગેની કાર્યવાહી દરમિયાન આરોપી સ્થળ પર પહોંચ્યો હતો. ત્યાં તેણે મોબાઈલ ફોનમાં ઈન્સ્ટાગ્રામ લાઈવ શરૂ કરીને પોલીસ અધિકારીઓને પ્રશ્નો પૂછ્યા હતા અને ફોન પર પોતાની ઓળખ યુનિયન લીડર તેમજ પત્રકાર તરીકે આપી હતી. બાદમાં લારી સંચાલકને પાણીગેટ પોલીસ સ્ટેશને લાવવામાં આવતા કરણ જસવાણી પણ ત્યાં પહોંચ્યો હતો. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી વીડિયો પોસ્ટ કરી સમર્થકોને પોલીસ સ્ટેશને પહોંચવાની અપીલ કરી હતી. વીડિયો વાયરલ થયા બાદ કેટલાક લોકો પોલીસ સ્ટેશને પહોંચી પોલીસ સાથે બોલાચાલી કરતા સ્થિતિ તંગ બની હતી. પોલીસ તપાસ દરમિયાન આરોપી પાસે કોઈ માન્ય પ્રેસ કાર્ડ, પત્રકાર તરીકેની સત્તાવાર ઓળખ કે કોઈ નોંધાયેલા મીડિયા સંસ્થા સાથે જોડાણ ન હોવાનું સામે આવ્યું હતું. તેમ છતાં સોશિયલ મીડિયા પર તેણે પોતાને "જર્નાલિસ્ટ, સોશિયલ વર્કર અને એક્ટિવિસ્ટ" તરીકે રજૂ કરીને ખોટી ઓળખ ઉભી કરી હોવાનું જણાવાયું છે. પાણીગેટ પોલીસે ગુનો નોંધી આરોપીની ભૂમિકા અંગે વધુ તપાસ શરૂ કરી છે.

મધ્ય ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો આતંક

પંચમહાલમાં ત્રણ બાળકોના મોતથી ફફડાટ, SSG હોસ્પિટલ એલર્ટ મોડ પર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

મધ્ય ગુજરાતમાં હાલમાં ચાંદીપુરા વાયરસનો કાળો કેર જોવા મળી રહ્યો છે. ખાસ કરીને પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આ ઘાતક વાયરસના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાતા વાલીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પંચમહાલ જિલ્લામાં આ વાયરસના કારણે અત્યાર સુધીમાં 3 નિર્દોષ બાળકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જેના કારણે સમગ્ર આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાંદીપુરા વાયરસની ઝપેટમાં મુખ્યત્વે ૧૫ વર્ષથી ઓછી વયના બાળકો આવી રહ્યા છે. પંચમહાલ અને દાહોદ જિલ્લામાંથી સૌથી વધુ શંકાસ્પદ કેસો નોંધાઈ રહ્યા છે. આ વાયરસ મચ્છર કે માખીના કરડવાથી ફેલાતો હોવાનું પ્રાથમિક તારણ છે, જે ખૂબ જ ઝડપથી બાળકોના મગજ પર અસર કરે છે. તાપમાન અને ભેજવાળા વાતાવરણમાં આ વાયરસનું પ્રમાણ વધતું હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ છે. સ્થિતિની ગંભીરતાને જોતા વડોદરાની સયાજી હોસ્પિટલનું વહીવટી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયું છે. હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગમાં ચાંદીપુરાના દર્દીઓ માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. સયાજી હોસ્પિટલના RMO ડૉ. હિતેન્દ્ર ચૌહાણે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, અમે ચાંદીપુરા વાયરસના દર્દીઓની સારવાર માટે પીડિયાટ્રિક વોર્ડમાં ખાસ ૭૦ વેન્ટિલેટર બેડ અનામત રાખ્યા છે. હાલમાં અમારી હોસ્પિટલમાં ૫ બાળકોને સારવાર માટે લાવવામાં આવ્યા હતા, જેમાંથી કમનસીબે ૩ બાળકોના મોત નિપજ્યા છે, જ્યારે બાકીના ૨ બાળકો હાલ તબીબી દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યા છે. અમારી ટીમ સતત બાળકોના સ્વાસ્થ્ય પર નજર રાખી રહી છે. તબીબોના મતે, આ વાયરસથી બચવા માટે ઘરની આસપાસ સ્વચ્છતા રાખવી, પાણી ભરાવા ન દેવા અને બાળકોને મચ્છર કરડવાથી બચાવવા ખૂબ જરૂરી છે. જો બાળકને અચાનક તાવ આવે, ઉલટી થાય કે ભાન ગુમાવવાની સ્થિતિ જણાય, તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનામાં સંપર્ક કરવા આરોગ્ય વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સ અને જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

નસવાડીના નખલપુરના વૃદ્ધાનું સાપના દંશથી મોત નીપજ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

ગત ૭ જુલાઈના રોજ સવિતાબેન તડવી પોતાના ગામ નસવાડી તાલુકાના નખલપુર ખાતે હતા, ત્યારે અચાનક સાપે તેમને ડાબા પગના ભાગે દંશ દીધો હતો. ઘટના બાદ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજપીપળાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. રાજપીપળાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની તબિયતમાં સુધારો ન જણાતા અને સ્થિતિ વધુ ગંભીર બનતા, ૯ જુલાઈના રોજ તેમને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ છેલ્લા ચાર દિવસથી તેમની સઘન સારવાર ચાલી રહી હતી. દુર્ભાગ્યવશ, સારવાર દરમિયાન ૧૩ જુલાઈ ને સોમવારના રોજ સવિતાબેને અંતિમ શ્વાસ લીધા હતા.

પાંચ કલાકમાં અમદાવાદથી શોધી પરિવાર સાથે કરાવ્યુ મિલન

ફતેગંજ પોલીસે ગુમ થયેલી ૧૪ વર્ષની સગીરાને શોધી કાઢી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

વડોદરા શહેરના ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં ગુમ થયેલી 14 વર્ષની સગીરાને પોલીસે માત્ર પાંચ કલાકમાં અમદાવાદમાંથી શોધી કાઢી પરિવાર સાથે પુનઃમિલાપ કરાવી પ્રશંસનીય કામગીરી કરી છે. CCTV ફૂટેજ, મોબાઈલ ટ્રેકિંગ અને હ્યુમન સોર્સ